૨૦મી જૂન બાદ ગુજરાતમાં ચોમાસું સક્રિય બની જશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે હાલમાં મૃગશીર્ષ નક્ષત્રમાં વરસાદ થવામાં છે. જ્યારે કેટલાક ભાગોમાં વરસાદના વાવડ નથી. આથી ખેડૂતભાઈઓ આદરા નક્ષત્રમાં વાવણીલાયક વરસાદ થવાની સંભાવના છે. આથી ગુરૂ તેમજ અન્ય આધારે જોતાં આગામી થોડાક જ દિવસોમાં મુંબઈ, મહારાષ્ટ્રમાં ચોમાસુ સક્રિય થવાની વકી રહે. જૂન તા. ૧૩ થી પવનનું જોર વધે. જૂન તા. ૧૪ થી સૂર્ય મીથુન રાશીમાં આવતા દેશના પશ્ચિમ કાંઠા વિસ્તાર તેમજ બંગાળના ઉપસાગર ઉપરના વિસ્તારોમાં વરસાદની વકી રહે. જ્યારે દેશના મધ્યભાગમાં પ્રિમોન્સુન એક્ટીવીટી જોવા મળે જ્યારે ઉત્તર ભારતમાં ગરમી રહે. મુંબઈ મહારાષ્ટ્રમાં જૂન તા. ૧૫ થી ૧૮માં વરસાદના યોગો રહે. જ્યારે રાજ્યના ભાગોમાં પણ હવામાન પલટાય. તા. ૧૮ થી ૧૯માં પવન સાથે દક્ષિણ ગુજરાતમાં વરસાદી ઝાંપટા પડવાની વકી રહે. જ્યારે ૨૧ જૂનમાં સાયન કર્ક રાશીમાં સૂર્ય આવતા તેમજ આદરા નક્ષત્રમાં સૂર્ય રાત્રે આવતા વરસાદના યોગો રહે.

તા. ૨૧મી જૂન બુધ કર્કમાં આવતાં તેમજ ૨૨ મીએ કર્કમાં મંગળ આવતા ૨૦ થી ૨૨ જૂનમાં રાજયના ભાગોમાં વરસાદના યોગ રહે. જ્યારે જૂન તા. ૨૭ સુધીમાં રાજયના ઘણા ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદ થાય. કોઈ કોઈ ભાગોમાં છ ઈંચથી પણ વધુ વરસાદની વકી રહે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા, ધાનેરા, ગાંધીનગરના ભાગો, સિદ્ધપુર, બનાસકાંઠા, કાંકરેજ, ચુંવાળ, જંગલવાડ પંથક, અમદાવાદના ભાગો તેમજ મધ્ય ગુજરાત, ચરોતર - ભરૂચ, વલસાડ, નવસારી, સુરત, બારડોલી, પૂર્વ ગુજરાતમાં પંચમહાલના ભાગોમાં વરસાદની વકી રહે. જો કે આ વરસાદ નિરનિરંતર સાર્વત્રિક ભાગોમાં ભારે ન પડે પરંતુ કોઈ કોઈ ભાગમાં ભારે વરસાદ થાય. આમ તા. ૧૮ થી ૨૭ જૂન વચ્ચે રાજયના ઘણાભાગોમાં વાવણીલાયક વરસાદ થવાની વકી રહે. સાર્વત્રિક ચોમાસાની થોડી વાર રહે.

શહેરને સુંદર બનાવવા માટે રસ્તાઓ ને સેન્ટ્રલ વિસ્ટા સુંદર બનાવવાની કામગીરી ભલે સુંદર રીતે કરવામાં આવી હોય, પણ આપણે ત્યાં રખરખાવનો અભાવ, જાળવણીનો અભાવ એ મોટી સમસ્યા છે, જે સેક્ટર-૧૭ના આ તૂટેલા ફૂટપાથના માધ્યમથી જોઈ શકાય છે. (તસવીર : દિપક જાની)

રેતી ભરેલી ટર્બો ટ્રક ચ-૩ સર્કલમાંઘૂસી

ગાંધીનગર, તા.૧૨

શહેરના 'ચ' માર્ગ પર સ્થિત ચ-૩ સર્કલ પર થોડા સમય અગાઉ ટ્રક પલ્ટી મારવાના સિલસિલાબધ્ધ બનાવોના અંતે આજે વહેલી સવારે ફરી એકવાર રેતી ભરેલો ટર્બો ટ્રક અકસ્માતનું કારણ બન્યો હતો. સર્કલનું રેલીંગ તોડી ટ્રક અંદર ઘુસી ગયો હતો. સદનસીબે કોઈને જાનહાનિ કે ઈજા થવા પામી ન હતી.

સર્કલોની નગરી તરીકે ઓળખાતા નગરમાં સુશોભિત સર્કલોના વળાંક ઘણીવાર એકસીડન્ટ પોઈન્ટ બને છે. તેમાંય ચ-૩ સર્કલ પર વહેલી સવારે દોડતા ભારે વાહનો પલ્ટી મારવાના સિલસિલાબધ્ધ બનાવથી આ વિસ્તારમાં માર્ગ સલામતી સામે અનેક પ્રશ્નો મંડરાયા છે. ગત ફેબ્રુઆરી મહિનામાં જ સવારના સમયે ટ્રક પલ્ટી મારવાના ત્રણ કિસ્સાઓથી આ સર્કલ જાણે 'અકસ્માત ઝોન' સમાન હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. જ્યારે આજે ફરી એકવાર વહેલી સવારે રેતી ભરેલો ટર્બો ટ્રક સર્કલની અંદર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જો, કે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા પામી ન હતી. પરંતુ વિકસિત સર્કલની સુંદરતા ચોકકસ મુર્ઝાઈ હતી.

રીક્ષા ચોરીના કેસમાં આરોપીને ચાર માસની કેદની સજા

સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી રીક્ષા ચોરવાનો પ્રયાસ કર્યો હતો

ગાંધીનગર, તા.૧૨

સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી રીક્ષા ચોરી કરવાના પ્રયાસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ચાર માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

તા. ૯ માર્ચ ૨૦૧૨ના રોજ પેથાપુર ખાતે રહેતા છગનજી હેમાજી મારવાડી પોતાની રીક્ષા નં. જી.જે. ૧૮-એ.યુ. ૮૧૫ લઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોતાની બહેનની ખબર કાઢવા આવ્યા હતા. આ વેળાએ તેમણે પોતાની રીક્ષા સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં મૂકી હતી. આ દરમિયાન આરોપી મહેશ લાલજીએ પાર્ક થયેલી રીક્ષાના વાયરો તોડી રીક્ષાને દોરવી હોસ્પિટલના ગેટ સુધી લઈ જઈને ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ વેળાએ આરોપી ઝડપાઈ ગયો હતો. રીક્ષા ચોરીના પ્રયાસ સંદર્ભે છગનજીએ સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ ચીફ જયુ. મે.જી. કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે કે.જી. વાઘેલાએ દલીલો કરી હતી. જ્યારે ફરીયાદીએ પણ આરોપીને ઓળખી બતાવી રીક્ષા પાર્ક કરી તે વેળાએ આરોપી હાથમાં પક્કડ લઈને ઉભો હોવાનું પણ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું. પુરાવાને ધ્યાને લઈ જજ એમ.પી.ચૌધરીએ આરોપીને ચાર મહિનાની સજા અને રૂ. ૨૫૦ દંડ ભોગવવા હુકમ કર્યો છે.

અડાલજ ટોલ-ટેક્ષ પાસેથી દારૂની બૉટલ્સ ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા. ૧૨

એલ.સી.બી. પોલીસે આજે અડાલજ ટોલટેક્ષ પાસેથી અલ્ટો કારમાંથી વિદેશી દારૂની ૩૭૧ બાટલો સાથે રૂ. ૧.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેની સૂચના અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. સોલંકી, એ.એસ.આઈ. રામાજી, હેડ કોન્સ્ટેબલ કાનજીભાઈ સહિતના સ્ટાફે બાતમીના આધારે મહેસાણા તરફથી આવતી અલ્ટો કાર નં. જીજે-૨૭-સી-૨૭૯૬ ને કોર્ડન કરી ઉભી રાખવા પ્રયત્ન કર્યો હતો. આ વેળાએ કારના ચાલકે ટોલટેક્ષનું બેરીકેડ તોડી ગાડી ઝાડીમાં ઘુસાડી દીધી હતી. કારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જ્યારે તપાસ દરમ્યાન કારમાંથી પોલીસને ઈંગ્લીશ દારૂની ૩૭૧ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા અને કાર સહિત રૂ. ૧.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

વાવોલની ઝાડીમાં અજાણ્યા યુવાને ગળાફાંસો ખાધો

ગાંધીનગર, તા. ૧૨

વાવોલ ગામની ઝાડીમાં અજાણ્યા યુવાને લીમડાના વૃક્ષ પર લટકી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે મૃતદેહ પાસેથી મળી આવેલ મોબાઈલના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ય માહિતી અનુસાર 'ખ' માર્ગ પાછળ વાવોલ ગામની સીમમાં આજે બપોરે મૃતદેહ હોવાની જાણ થતા સે. ૭ પોલીસે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ઝાડીમાં લીમડાના વૃક્ષ પર નાઈનોલની દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં અંદાજિત ૨૨ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. સે. ૭ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણજી નાથાજીએ સ્થળ તપાસ હાથ ધરતા આ દરમિયાન યુવાનના મૃતદેહ પાસેથી એક મોબાઈલ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસના અંતે યુવાન બહારનો હોવાનું પોલીસનું અનુમાન છે. મોબાઈલના આધારે યુવાનની ઓળખ સંદર્ભે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ વરસાદે ચ-૩ વિસ્તારમાં ટેલિફોન પેટીમાં ફોલ્ટ થતાં મૂંગા બનેલા ટેલિફોન

ગાંધીનગર, તા. ૧૨

પાટનગરમાં પ્રથમ વરસાદ સાથે જ બી.એસ.એન.એલ.ના ટેલિફોન મુંગા બની ગયા છે. સાત સાત દિવસથી ટેલિફોન ખાતાના ઈજનેરો ફોલ્ટ રિપેર કરી શક્યા નથી.

ચ-૩ પાસે ટેલિફોન સેન્ટરમાં સાત દિવસથી ફોલ્ટ થયેલ છે. પણ રજૂ આ વિસ્તારના બંધ પડેલા ટેલિફોનો ચાલુ થઈ શક્યા નથી. ઊંચા વેતનો મેળવતાં ઈજનેરો લાઈનમેનો મારફતે ઠાગાઠૈયાથી રીપેર કરાવવાનો ડોળ ઉભો કરે છે. સત્વરે આ ટેલિફોનો ચાલુ થયા તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

શહેરના ગંદકી, મિલકત વેરા પ્રશ્નો અંગે શહેર જાગૃત નાગરિક પરિષદની મનપા સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

પાટનગરના સફાઈ- ગંદકી અને પ્રોપર્ટીટેક્ષ સહિતના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે તાજેતરમાં મહાનગર પાલિકાના નગરપતિશ્રી મહેન્દ્રસિંહજી રાણા સાથે વિસ્તૃત પ્રશ્નોની છણાવટ કરી હતી. જેમાં સળગતા પ્રશ્નોની સંપૂર્ણ માહિતગાર પ્રો. રવિન્દ્રભાઈ દવે, ઉપ-પ્રમુખ જયંતિભાઈ ભટ્ટ, મહામંત્રી મુળજીભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ પારેખ, ભાનુભાઈ પુરાણીએ ચર્ચા કરી હતી.

ગાંધીનગરનો પ્રથમ અટવાયેલો પ્રશ્ન સફાઈ અને ગંદકીને દુર કરવાનો છે. પરંતુ, ૪૨ વર્ષથી આ પ્રશ્ન અંગે થાગડ-થીંગડ કરવામાં આવે છે. આયોજન પૂર્વક વૈજ્ઞાનિક યોજના બનાવી નથી. સર્વગ્રાહી સફાઈના અભ્યાસો કરાવ્યા છે. જે અસનાની કમિટીનો અહેવાલ ધુળ ખાય છે. કચરા પેટીઓ સમયસર ઉઠાવાતી નથી. કચરાપેટી પાસે નિયમિત સફાઈ થતી નથી. સફાઈના નામે પ્રગતિમાં શૂન્ય છે. ગાંધીનગરમાં જંગલ ખાતાના વૃક્ષ વિસ્તારોમાં મજૂર વસવાટ થયેલ છે. જેમાંની શૌચક્રિયા તથા અનેક કચરો ત્યાં ઠલવાતો હોવાથી બેસુમાર ગંદકી થાય છે. આ પ્રશ્ન અંગે મહાનગરપાલિકાના વર્તુળોને સકારાત્મકતા દાખવેલ હતી. ૫૦ કચરાપેટી ખરીદવાનું આયોજન થઈ રહ્યું છે. તે અંગે આશ્વાસન પણ આપેલ હતું. મદદનીશ કમિશ્નરશ્રી ચૌધરીએ જણાવેલ હતું કે સફાઈ ગંદકીના પ્રશ્ને પ્રજાને પૂર્ણ સંતોષ આપવામાં આવશે.

મિલકત વેરાના પ્રશ્ને ચુંટણીમાં પક્ષે આપેલ વચન નિભાવ્યું નથી. વર્કચાર્જ કર્મચારીઓ પાસે મિલકતોનું સર્વે થયેલ છે. જેનો પરિષદે સમ્ર વાંધો લીધેલ હતો. નગર પાલિકાને સરકાર તરફથી મળનાર રૂા. ૫૫ કરોડ હજુ મળેલ નથી જે અંગે ૩૦૦ પત્રો પાઠવેલ છે. મિલકત વેરા પ્રશ્ને મહાનગરપાલિકા છેક સુધી પરિષદ સાથે સંપર્ક રહેશે. જેનો પરિષદે આભાર વ્યક્ત કર્યો હતો.

ચોમાસાની વરસાદી ઋતુમાં પાણીના નિકાલ અંગે તંત્ર તરફથી સઘન આયોજન અભાવથી પરિષદને નિરાશા સાંપડી હતી. મહાનગરપાલિકાએ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મિટીંગ યોજીને પારદર્શી રહેવા જણાવેલ હતું.

પરિષદને મુલાકાત અને સકારાત્મક વલણ અપનાવવા બદલ મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો.

વરસાદી પાઈપલાઈનનો કચરાના ફુટપાથ પર ઢગલા કરાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈનોમાં કચરો તથા ગંદકી વરસાદ પહેલાં સાફ કરવામાં આવે છે. જે કચરો પાઈપ લાઈનમાં કાઢીને ફુટપાથની બાજુમાં ઢગલાં કરેલ છે. આ કચરો ઘણાં સમયથી કોહવાયેલો તથા ગંદકીવાળો છે. જેથી રોગચાળો ફેલાવવાનો ભય રહેલ છે. ચ-૩ થી ઘ-૩ સુધી આ રીતે કચરાના ઢગલાં ફુટપાથની બાજુમાં ખડકેલ છે. સફાઈ કામદારો તથા તેના મુકદમો યોગ્ય ચકાસણી કરીને આ ઢગલાને ઉઠાવે તેવી લોકલાગણી પ્રવર્તે છે.

સ્પેશ્યલ ચાઈલ્ડ પૂજાને સરસ રીતે ઉછેરી રહેલા પ્રવિણભાઈ હતાશ વાલીઓને સુંદર ઉદાહરણ પુરું પાડી રહ્યા છે

બાળકોનો ઉછેર વાલીઓ માટે ખૂબ મોટો પડકાર છે અને તેમાંય જયારે બાળક સ્પેશ્યલ ચાઈલ્ડ હોય ત્યારે તેને ઉછેરવામાં મા-બાપની રીતસર પરીક્ષા જ થઈ જાય છે. સેક્ટર-૫માં રહેતા પ્રવિણભાઈ સોની અને તેમના પત્નિ કલ્પનાબેને તેમની સૌથી નાની દિકરી પૂજાને ઉછેરવામાં દિવસ-રાત એક કર્યા છે. 'ઓટીઝમ' નામની માનસિક બિમારીથી પિડાતી 'પૂજા'ની સાર-સંભાળ પ્રવિણભાઈ અને કલ્પનાબેને એવી રીતે કરી છે કે તેઓ અન્ય હતાશ વાલીઓ માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

બાળક શારીરિક રીતે વિકલાંગ હોય તો મા-બાપ તેને શિક્ષણ અપાવે અથવા કોઈ વ્યવસાયિક તાલીમ અપાવે. શારીરિક રીતે વિકલાંગ બાળક ઘણી વખત પોતાની તકલીફોને ધ્યાને રાખી તે પ્રમાણે જીવન જીવતા શીખી જાય પરંતુ માનસિક રીતે વિકલાંગ બાળકનો ઉછેર ખરેખર મા-બાપ માટે ક્યારેય ન પૂર્ણ થતી પરીક્ષા જેવો બની જાય છે. સેક્ટર-૫માં રહેતા નિવૃત્ત સરકારી કર્મચારી પ્રવિણભાઈ સોની અને તેમના પત્નિ કલ્પનાબેને તેમની દિકરી 'પૂજા'ના ઉછેર પાછળ ખૂબ મહેનત કરી છે તેને સતત પ્રોત્સાહિત કરી રમતગમત ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી છે. પ્રવિણભાઈ કહે છે કે 'પૂજા' એક એવું બાળક છે જે સંપૂર્ણપણે વિકલાંગ

નથી તેને 'ઓટીઝમ' નામની માનસિક બિમારી છે. ખૂબ સારી રીતે આપણી સાથે વાતચીત કરે છે. તને ગમે ત્યાં મોકલો જઈ શકે છે પરંતુ તેને ગુસ્સો ખુબ જલ્દી આવી જાય છે અને જીદ એવી કે તેને સમજાવતા નાકે દમ આવી જાય છે. બાળક જીદ કરે તો તેને ફોસલાવી-પટાવીને કે કોઈ નાની મોટી સજા કરીને વાત વાળી શકાય પરંતુ પૂજાને આપણી વાત સમજતા ખુબ વાર લાગે છે અને જો સજા કરીએ તો તે વધુ ઉગ્ર બને છે. પાડોશીઓ સમજાવે તો માંડ બે-ત્રણ દિવસે સમજે છે.

અમદવાદની બી.એમ. ઈન્સ્ટીટ્યુટમાં દાખલ થયા બાદ પૂજા રમતગમત ક્ષેત્રે વધુ રસ દાખવતી થઈ છે. માતા કલ્પનાબેનના અથાગ પ્રયત્નો અને હિંમતના કારણે પૂજા દેશ વિદેશમાં અનેક સ્થળોએ ક્રિકેટ, બાસ્કેટબોલ, હેન્ડબોલ રમવા પહોંચી ગઈ છે. ચાઈનામાં યોજાઈ ગયેલી સ્પેશ્યલ ઓલમ્પિકમાં પૂજાએ વિવિધ રમતોમાં ખુબ સુંદર દેખાવ કર્યો હતો. અત્યાર સુધી તેણે ઘણા ચંદ્રકો મેળવ્યા છે. દેશમાં ગમે ત્યાં રમવા જવાનું હોય કે વિદેશમાં કોઈ સ્પર્ધા હોય તેના મા-બાપ ક્યારેય તેની સાથે ગયા નથી. પ્રવિણભાઈ કહે છે કે તે આવી રીતે એકલી આવવા જવા ટેવાય તે જ સારું છે. પૂજાને પૂછીએ તને શું ગમે, તો તરત કહેશે બાસ્કેટબોલ રમવામાં ખુબ મજા આવે છે. દરરોજ સવારે છ વાગે તે અચૂક સાઈ કોમ્પ્લેક્ષમાં પ્રેક્ટીસ માટે પહોંચી જાય છે. મમ્મી-પપ્પા તેને કેવી રીતે ઉછેરી રહ્યા છે તેની સમજણ કદાચ પૂજાને ન પડતી હોય અને તેને તે શબ્દોમાં વ્યક્ત કરી શકતી ન હોય પરંતુ તેની નાનકડી ભાવવહી નિર્દોષ આંખો ઘણું બધું કહી જાય છે...!

સંબંધ સજાવે જિંદગી
થેન્ક્યુ મમ્મી-પપ્પા
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૨

તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ : શાંઘાઈ : ૧૨.૦૦
રાઉડી રાઠોડ : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : શાંઘાઈ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
રાઉડી રાઠોડ : ૧૨.૧૫
: સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ : રાઉડી રાઠોડ : ૧૧.૦૦
શાંઘાઈ : ૧.૪૫, ૪.૧૫, ૬.૪૫, ૯.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : પ્રોમેથ્યુસ (૩ડી) હિન્દી : ૧૦.૦૦, ૨.૩૦, ૭.૦૦
મડાગાસ્કર : ૩-યુરોપ્સ મોસ્ટ વોન્ટેડ (અંગ્રેજી) : ૧૨.૩૦, ૫.૦૦
શાંઘાઈ : ૯.૩૦
સ્ક્રીન-૨ : રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
સ્ક્રીન-૪ : શાંઘાઈ : ૧૦, ૧૨.૩૦, ૩, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : આપે કૌટુંબિક સમસ્યાઓનું નિવારણ કુશળતા પૂર્વક નીપટાવી શકશો. કર્મક્ષેત્રમાં વિશિષ્ટ કાર્યોને પૂર્ણ કરવા માટે વિશેષ યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવા સંબંધો બંધાશે. જે આવનાર સમયમાં ઉપયોગી બની શકે છે.

વૃષભ : આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. ઐતિહાસિક કાર્યોમાં ધન વ્યયનો યોગ બની રહ્યો છે. જૂની વસ્તુઓ પ્રત્યે રુચિમાં વધારો થશે. ધાર્મિક સ્થળોએ યાત્રા પ્રવાસ થવાની સંભાવના છે.

મિથુન : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવક સ્ત્રોતોથી વિશિષ્ટ લાભ પ્રાપ્ત થવાના યોગ બની રહ્યા છે. ભાગીદારીથી પણ વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. વ્યાપારિક વર્ગ માટે લાભ મેળવવાની ઉત્તમ તક.

કર્ક : સામાજિકક્ષેત્રમાં માન- સન્માનમાં વધારો થઈ શકશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટેનો ઉત્તમ સમય. કાર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના રહેલ છે.

સિંહ : વિદ્યાર્થીઓ અને શિક્ષણજગત સાથે સંકળાયેલાઓને શિક્ષા સંબંધી વિશેષ ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે. પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. ધર્મ આધ્યાત્મમાં રુચિ જાગૃત થશે.

કન્યા : નવા સંબંધો બની શકશે. આપ માનસિક શાંતિ જાળવી રાખવા માટે ધર્મ સંબંધી આધ્યાત્મિક સત્સંગમાં જોડાશો. ઘરમાં મહેમાન આવી શકે છે.

તુલા : નોકરી- વ્યપારઅર્થે યાત્રા પ્રવાસનું આયોજન થશે. આપે ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો હીતકારી બની રહેશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્યજીવનમાં મનદુખના થાય તેની કાળજી રાખવી.

વૃશ્ચિક : આપને સામાજિકક્ષેત્રોથી લાભ મળવાની સંભાવના વધે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેમાં માન- સન્માન પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ધન : આવક કરતાં જાવક વધી શકે છે. કૌટુંબિજનોને લઈને પ્રવાસનું આયોજન થઈ શકે છે. ઉપરી અધિકારીઓથી સંબંધો ન બગડે તેની તકેદારી રાખવી.

મકર : આપના હીતશત્રુઓ પરાસ્ત થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થવાની સંભાવના છે. આરોગ્યલક્ષી બાબતોમાં સુધારો થઈ શકે છે. સમસ્યાઓમાં પરિવાર તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : આપના થકી ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોનો થઈ શકશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રોઓનું આયોજન થઈ શકે છે. વિશિષ્ટ ધાર્મિક યાત્રોઓ થવાનો યોગ છે. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે.

મીન : ભૂતકાળમાં કરેલા કાર્યોનું પરિણામ આજે પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માન પ્રાપ્ત મળી શકે છે. માનસિક અસ્થિરતા દૂર થશે. નોકરી- વ્યાપારમાં આર્થિક સ્થિતિ સુધરતી જણાશે.

ચિરવિદાય

- સ્વ. જશીબેન મનુભાઈ પંચાલ (ઉ.વ.૪૫) પંચાલ વાસ મુ.પો. શિહોલી મોટી તા., જિ. ગાંધીનગર

ગાંધીનગર વણકર સમાજ દ્વારા ભરતી પરીક્ષાનો તાલીમ વર્ગ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારની વર્ગ ૧-૨ અને બેન્કની તેમજ જુદી જુદી જગ્યાઓની ભરતી પરીક્ષાના તાલીમ વર્ગ તા. ૧૩-૧૪ના રોજ સિધ્ધાર્થ લો કોલેજ ખાતે સિધ્ધાર્થ કેરિયર એકેડમી અને ગાંધીનગર વણકર સમાજના સૌજન્યથી યોજાશે. વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક કરવા સંસ્થાના ઉપપ્રમુખ કિશોરભાઈ પરમારે અખબારી યાદીમાં જણાવેલ છે.